Extra No. 215

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXII] **TUESDAY, AUGUST 17, 2021 / SRAVANA 26, 1943**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ઓગસ્ટ, ૨૦૨૧

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**ના તારીખઃ ૦૨-**જી ઓગસ્ટ, ૨૦૨૧**-ના જાહેરનામા **ક્રમાંકઃ કેવી-૮૪-૨૦૨૧-એએમએન-૨૦૨૦૦૦-૭૧૨૨-પી**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Provincial Municipal Corporation Act, 1949.

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

તારીખઃ ૨ જી ઓગસ્ટ, ૨૦૨૧

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯

ક્રમાંકઃ કેવી - ૮૪-૨૦૨૧-એએમએન-૨૦૨૦૦૦-૭૧૨૨- પી :- મ્યુનિસિપલ કમિશનર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન-એ અહેવાલ રજૂ કર્યો છે કે અમદાવાદ મ્યુનિસિપલ પરિવહન સેવા હડતાલ પર જવાની સંભાવના છે;

અને ગુજરાત સરકારનો અભિપ્રાય છે કે ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની અનુસૂચિ -ક-ના પ્રકરણ ૪માં વર્ગ ૧, ૨ અને ૩માં જણાવેલી કોઈ પણ આવશ્યક સેવાની કામગીરી અટકાવવી અથવા બંધ રાખવી તે, અમદાવાદ શહેરમાં સામુદાયિક જીવન માટે આવી આવશ્યક સેવાઓ ચાલુ રાખવાની સલામતી માટે બાધક છે.

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૬૨-થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જાહેર કરે છે કે અમદાવાદ શહેરમાં કટોકટી પ્રવર્તે છે અને તેના પરિણામે, તત્સમયે અમલમાં હોય તેવા કોઈ પણ કાયદામાં અથવા કરારમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, તારીખ: ૦૨.૦૮.૨૦૨૧ ના રોજ અને તે તારીખથી શરૂ થતી ૧૮૦ દિવસની મુદત માટે, સદરહુ અધિનિયમની અનુસૂચિ-ક-ના પ્રકરણ ૪માં વર્ગ ૧, ૨ અને ૩માં જણાવેલી આવશ્યક સેવાના કોઈ સભ્યએ,-

(ક) પોતાની ફરજ બજાવવા તેને અસમર્થ બનાવે તેવી બિમારી અથવા અકસ્માતના કિસ્સા સિવાય, તેણે પોતાની ફરજ છોડવી જોઈશે નહિ અથવા ગેરહાજર રહેવું જોઈશે નહિ;

(ખ) પોતાની ફરજની અવગણના કરવી જોઈશે નહિ અથવા ફરજ બજાવવાનો ઈનકાર કરવો જોઈશે નહિ અથવા અમદાવાદ શહેરના મ્યુનિસિપલ કમિશનર અને અમદાવાદ મ્યુનિસિપલ પરિવહન સેવાના પરિવહન મેનેજર-ના અભિપ્રાયે બિન-કાર્યક્ષમ હોય તેવી રીતે જાણીબૂઝીને ફરજ બજાવવી જોઈશે નહિ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આનંદ ઝીંઝાલા,
સરકારના સંયુક્ત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

Signature Not Verified
Signed by:Shri P. B. Kanwar
Date: 2022.05.16 13:57:08 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar